# Dr. Babasaheb Ambedkar Open University
## Term End Examination July–2026

| | | | | | |
|---|---|---|---|---|---|
| **Course** | **:** | **DHSI** | **Date** | **:** | **10-07-2026** |
| **Subject Code** | **:** | **DHSI-205** | **Time** | **:** | **11:30am to 01:45pm** |
| **Subject Name** | **:** | જાહેર આરોગ્ય અધિનિયમ (Public Health Act) | **Duration** | **:** | **02.15 Hours** |
| | | | **Max. Marks** | **:** | **70** |

---

**Section A**

**Answer the following (Attempt any three)** **(30)**

1. ગુજરાતમાં જાહેર આરોગ્યના કાયદાકીય માળખાની વિસ્તૃત ચર્ચા કરો. રાજ્ય અને સ્થાનિક સ્તરે કાયદાકીય માળખાની ભૂમિકા અને પંચાયતી રાજ સંસ્થાઓની જવાબદારીઓ સમજાવો.
2. ગુજરાતમાં તમાકુ નિયંત્રણ કાર્યક્રમની સમીક્ષા કરો. COTPA, 2003 ના અમલીકરણની અસરો અને તમાકુના વપરાશને ઘટાડવા માટે ભવિષ્યમાં શું પગલાં લઈ શકાય તે અંગે ચર્ચા કરો.
3. ગુજરાતમાં ગર્ભનો તબીબી સમાપ્તિ કાયદા, 1971 ના અમલીકરણની ચર્ચા કરો અને તેના ફાયદા અને પડકારો જણાવો.
4. ગુજરાત ફેક્ટરી નિયમો, 1963 ની મુખ્ય જોગવાઈઓનું વિગતવાર વર્ણન કરો અને ઉદાહરણો સાથે સમજાવો કે આ નિયમો કારખાનાઓમાં કામદારોની સલામતી, સ્વાસ્થ્ય અને કલ્યાણને કેવી રીતે સુનિશ્ચિત કરે છે.
5. રાજયમાં HIV/AIDS સંબંધિત કાર્યક્રમો વિગતે સમજાવો.

**Section B**

**Answer the following (Attempt any four)** **(20)**

1. ગુજરાતમાં આપત્તિ વ્યવસ્થાપન માટેના કાયદાકીય અને સંસ્થાકીય માળખાની ચર્ચા કરો.
2. ગુજરાતમાં HIV/AIDSનો સામનો કરવા માટે કાયદાકીય માળખા અને ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી (GSACS)ના કાર્યક્રમોની ભૂમિકાનું વિગતવાર વર્ણન કરો.
3. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની ભૂમિકા, કાર્યો અને પહેલ વિગતવાર સમજાવો.
4. ગુજરાતમાં ખાદ્ય સુરક્ષા અને ધોરણોનો કાયદો, 2006 ના અમલીકરણનું મૂલ્યાંકન કરો. FSSAI ની ભૂમિકા અને ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવામાં પડકારો વિષે ચર્ચા કરો.

5. કર્મચારી રાજ્ય વીમા કાયદો, 1948 અને ESI યોજના ગુજરાતમાં કામદારોને સામાજિક સુરક્ષા કેવી રીતે પ્રદાન કરે છે? ESI યોજનાના લાભો અને કામદારો પર તેની અસરોનું ઉદાહરણો સાથે વર્ણન કરો.

6. ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ અને નકલી દવાઓના ઉત્પાદન અને વેચાણ જેવી ગેરરીતિઓ રોકવા માટે FDCA દ્વારા કરવામાં આવતી કાર્યવાહીનું વિગતવાર વર્ણન કરો.

**Section C**

**Part – A (Multiple Choice Questions)** **(10)**

1 ગરીબ સગર્ભા સ્ત્રીઓને સંસ્થાકીય પ્રસૂતિને પ્રોત્સાહન આપવા માટે કઈ યોજના હેઠળ નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે?

A મુખ્યમંત્રી અમૃતમ (MA) યોજના — B ચિરંજીવી યોજના

C જનની સુરક્ષા યોજના (JSY) — D બાળ સખા યોજના

2 **ગુજરાતમાં કયા પ્રકારની આપત્તિઓ સૌથી વધુ જોવા મળે છે?**

A ભૂકંપ, પૂર, દુષ્કાળ — B જ્વાળામુખી, સુનામી, હિમપ્રપાત

C ખાણ દુર્ઘટના, વાવાઝોડુ, અવકાશ દુર્ઘટના — D આતંકવાદી હુમલા, ગૃહયુદ્ધ, આંતરરાજ્ય સંઘર્ષ

3 માતૃ વંદના યોજના હેઠળ મહિલાઓને કેટલી રોકડ સહાય મળે છે?

A ₹3,000 — B ₹4,000

C ₹5,000 — D ₹6,000

4 **ગુજરાત ફેક્ટરી નિયમો**, 1963 **ના અમલીકરણ માટે કઈ કચેરી જવાબદાર છે**?

A ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) — B ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય નિયામકની કચેરી (DISH)

C ગુજરાત ખનીજ વિકાસ નિગમ (GMDC) — D ફેક્ટરી માલિકોનું સંગઠન

5 ગુજરાતમાં કઈ સાલમાં 'ગુજરાત એપિડેમિક ડિસિઝ કોવિડ-19 રેગ્યુલેશન્સ' લાગુ કરવામાં આવ્યા?

A 2019 — B 2020

C 2021 — D 2022

6 ખાદ્ય સુરક્ષા અને ધોરણોનો કાયદો, 2006 હેઠળ ખાદ્ય પદાર્થો માટેના ધોરણો કોણ ઘડે છે?

A રાજ્ય સરકાર — B FSSAI

C કમિશનર, ફૂડ સેફ્ટી | D કેન્દ્ર સરકાર

7 બાલ સખા યોજના હેઠળ કોને મફત તબીબી સારવાર મળે છે?

A ગર્ભવતી સ્ત્રીઓ | B સ્તનપાન કરાવતી માતાઓ

C નવજાત શિશુઓ | D 6 થી 14 વર્ષના બાળકો

8 ગુજરાતમાં ESI યોજનાનો અમલ કઈ સંસ્થા દ્વારા કરવામાં આવે છે?

A શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર | B કર્મચારી રાજ્ય વીમા નિગમ (ESIC)

C ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (GIDC) | D કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રાલય

9 ગુજરાતમાં જાહેર આરોગ્ય કાયદામાં ટેકનોલોજીના ઉપયોગનું ઉદાહરણ કયું નથી

A ઈ-ગવર્નન્સ | B ટેલિમેડિસિન

C ઈ-સંજીવની | D પરંપરાગત રેકોર્ડ કીપિંગ

10 ગુજરાત કયા દેશ સાથે આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદ ધરાવે છે?

A બાંગ્લાદેશ | B શ્રીલંકા

C પાકિસ્તાન | D નેપાળ

**Part – B (Do as Directed) (10)**

1 ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB)ની મુખ્ય જવાબદારીઓ શું છે?

2 ગુજરાત સ્ટેટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (GSDMA)ની ભૂમિકા શું છે?

3 ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા અમલમાં મુકાયેલી કોઈપણ બે યોજનાઓના નામ આપો.

4 "મુખ્યમંત્રી અમૃતમ (MA) યોજના" અને "મા વાત્સલ્ય યોજના" નો ટૂંકમાં પરિચય આપો.

5 ગુજરાતમાં કાર્યસ્થળ પર જાતીય સતામણી અધિનિયમ, 2013 ના અમલીકરણ માટે કઈ એજન્સી જવાબદાર છે?

6 ઈ-ગવર્નન્સ જાહેર આરોગ્ય સેવાઓને કેવી રીતે સુધારી શકે છે?

7 RTE કાયદાની મુખ્ય જોગવાઈઓ શું છે?

8 'ખિલખિલાટ' યોજનાનો ઉદ્દેશ્ય શું છે?

9 GSDMAનું પૂર્ણ સ્વરૂપ આપો અને તેના બે મુખ્ય કાર્યો જણાવો.

10 FDCA દ્વારા શરૂ કરવામાં આવેલ ડિજિટલ પ્લેટફોર્મનો હેતુ શું છે?

*****